## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઇ અગમચેતીના ભાગરૂપે તમામ ઝોન વિસ્તારમાં ખાડી સફાઇ તથા પ્રિ-મોન્સુનને લાગત આનુસાંગિક કામગીરી હાલમાં ચાલી રહેલ છે.જે સંદર્ભે સદર પ્રિ-મોન્સુન કામગીરીની સમીક્ષા બાબતે માન.મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન. અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજન પટેલ, માન. ડે.મેયર ર્ડા. નરેન્દ્ર પાટીલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠીએ લિંબાયત ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ કુંભારીયા ગામ ખાતે આવેલ કુંભેશ્વર મહાદેવ પાસેના નીચાણવાળા વિસ્તારના લો લાઇંગ-એરિયાની મુલાકાત લીધેલ હતી અને સદર સ્થળે ચાલી રહેલ કામગીરી બાબતે લો લાઇંગ-એરિયામાં છેલ્લા બે વર્ષથી મેન્યુઅલી વનસ્પતિ દૂર કરવાની કામગીરી તથા પોકલેન્ડ મશીનથી કરવામાં આવેલ ખાડી ડ્રેજિંગની કામગીરી અને સારોલી ગામ,વેડછા તથા દેવધ કેનાલ તરફથી આવતાં વરસાદી પાણી બાબતે માહિતી અને સ્થળ પરની પરિસ્થતીનો તાગ મેળવી લાગત અધિકારીશ્રીઓને જરૂરી સુચનો કર્યા હતા.

વધુમાં તેઓએ હરિઓમ ઇન્ડસ્ટ્રીયલ પાસે આવેલ ખાડીની મુલાકાત લઇ ચાલી રહેલ કામગીરીનું નિરિક્ષણ કરી ઉપસ્થિત અધિકારીશ્રીઓને સદર ખાડી બ્રિજ પાસે આવેલ કારખાનાના માલિકો ધ્વારા ખાડીમાં ઠાલવવામાં આવતાં કચરા બાબતે કારખાનાદારો પર દંડકીય કાર્યવાહી કરવા અને ૨૦ મીટરથી વધુ લંબાઇનું પોકલેન્ડ મશીન મેળવી ખાડીમાંથી કચરા નિકાલની કામગીરી કરવા સહિતની જરૂરી સુચનાઓ આપી હતી. ત્યારબાદ તેઓએ ડિંડોલી વિસ્તારમાં ગણપતિધામ સોસાયટી પાસે આવેલ ખાડીની સફાઇની કામગીરીનું નિરીક્ષણ કર્યું. જયાં સ્થળ પર સ્થાનિક રહેવાસીઓ ધ્વારા ખાડીમાં કચરો ઠાલવતાં હોવાનું ધ્યાને આવેલ,જે બાબતે સ્થાનિક રહીશોને ખાડીમાં કચરો ન નાખવા બાબતે માન.મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી ધ્વારા અપીલ કરવામાં આવેલ અને ઉપસ્થિત અધિકારીશ્રીઓને સદર બાબતે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ.

ઉપરોકત સદર પ્રિ-મોન્સુન કામગીરીની સમીક્ષા મુલાકાત દરમ્યાન માન. સ્લમ અને ઇમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષ શ્રી વિજયકુમાર ચૌમાલ,માન.સ્થાનિક મ્યુનિ.સભ્યશ્રીઓ, લિંબાયત ઝોનના ઝોનલચીફશ્રી, કાર્યપાલક ઇજનેરશ્રી, આસી.મ્યુનિ.કમિશ્નરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે.ઇજનેરશ્રી તેમજ અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.**75**,તા.12/06/2024